# GUJARAT URJA VIKAS NIGAM LTD

SARDAR PATEL VIDYUT BHAVAN, RACE COURSE,
VADODARA 390007
(An ISO 9001:2015 Company) CIN U40109GJ2004SGC045195
Email: setech.guvnl@gebmail.com / cetech.guvnl@gebmail.com
Tel (P&T) – 0265-2340205 / PBX – 0265-2310582-86 / FAX – 0265-2337916/2338164


Azadi Ka Amrit Mahotsav

**No. GUVNL/SE T-3/EE-2/ 620** **Date: 19.04.2025**

ઈ-સરકાર/ઈ-મેલ દ્વારા

પ્રતિ,

**મેનેજીંગ ડિરેક્ટરશ્રી**

દક્ષિણ/મધ્ય/પશ્ચિમ/ઉત્તર ગુજરાત વીજ કંપની લી.,

કોર્પોરેટ ઓફિસ- સુરત/વડોદરા/રાજકોટ/મહેસાણા.

**વિષય : નવા ખેતીવિષયક વીજ જોડાણ બાબતે.**

**સંદર્ભ :** (૧) ઊ અને પે વિભાગનો પત્ર ક્ર. જીયુવી/૨૦૧૬/૩૮૮૪/ક૧, તા ૦૯.૦૨.૨૦૧૭

(૨) જીયુવીએનએલ પત્ર ક. ટેક/૫૪૦, તા. ૨૭.03.૨૦૨૫

(3) ઊ અને પે વિભાગનો પત્ર ક્ર. ઈપીસીડી/જીયુવી /૨૦૨૫/0૫30/ક૧, તા. ૧૯.૦૪.૨૦૨૫

માનનીયશ્રી,

ઉપરોકત વિષય અનુસંધાને,ખેતીવિષયક નવા વીજ જોડાણના કિસ્સામાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સંદર્ભ (૧) ના પત્રમાં જણાવ્યા પ્રમાણેના નીચે મુજબના દસ્તાવેજ જરૂરી બનતા હતા.

(૧) એ-૧ ફોર્મ.

(૨) માંગણી કરનારની ફોટો આઇડીની સ્વયં પ્રમાણીણ કરેલ નકલ, જેમાં પાનકાર્ડ / પાસપોર્ટ /ડ્રાઇવીંગ લાઇસન્સ / ચુંટણી કાર્ડ / આધાર કાર્ડ માંથી કોઇ પણ એક.

(૩) ૭/૧૨ નો ઉતારો અને વારસાઇ / વેચાણની નોંધવાળુ નમુના-૬ નું હકકપત્રક

**(૪) ૭/૧૨/હકકપત્રકમાં દર્શાવેલ સહમાલીક / ભાગીદારનું નોટરાઇઝ જરૂરી સ્ટેમ્પ પેપર પરનું સંમતિ પત્રક.**

આમ, ઉપર જણાવેલ પરિપત્ર મુજબ અને એક કરતા વધારે સહ માલિક/ભાગીદારીના કિસ્સામાં ભાગીદારો વચ્ચે જમીન બાબતે થતા કાયદાકીય વિવાદને કારણે, વીજ વિતરણ કંપનીઓ દ્વારા મહેસૂલી રેકોર્ડ ૭/૧૨ અને ૮/અ માં એક કરતાં વધુ ખાતેદારોના નામ હોય ત્યારે તમામ ખાતેદારોની સંમતિ મેળવવાનો આગ્રહ રાખવામા આવતો હતો.

આ બાબતે આદિજાતિ વિસ્તારોમાં વારસો વધારે હોવાને કારણે આંતરિક સમજુતીથી ભાઈઓ ભાગે સ્થળ પર વહેચણી થયેલ હોય છે. પરંતુ મહેસુલી રેકર્ડ પર તેની નોંધ થયેલ હોતી નથી. આવા કિસ્સામાં, સહમાલીક/ભાગીદારનું નોટરાઇઝ જરૂરી સ્ટેમ્પ પેપર પરનું સંમતિ પત્રક મેળવવાનો આગ્રહ રાખવામાં આવે છે અને આથી ખેતીવાડી વીજ જોડાણ મેળવવામાં મુશ્કેલી પડતી હોય છે, એ સબબની રજૂઆત માં. ધારાસભ્યો શ્રી દ્વારા વારંવાર સરકારશ્રીને કરવામાં આવે છે.

આ બાબતે, જીયુવીએનએલ દ્વારા સંદર્ભ-૨ના પત્રથી ખેડૂતોને પડતી મુશ્કેલી દૂર કરવા માટે સહમાલીક/ભાગીદારનું નોટરાઇઝ જરૂરી સ્ટેમ્પ પેપર પરનું સંમતિ પત્રકને બદલે અરજદાર દ્વારા સેલ્ફ ડિક્લેરેશન(સ્વ-ઘોષણા) આપે, ખેતીવાડી વીજ જોડાણ આપવા માટે ઊ અને પેટ્રો. વિભાગના તા.૦૯.૦૨.૨૦૧૭ના પત્ર ક્ર. જીયુવી/૨૦૧૬/૩૮૮૪/ક૧ જરૂરી સુધારા કરવા માટેની દરખાસ્ત સરકારશ્રી સમક્ષ સાદર કરવામાં આવેલ.

આ અનુસંધાને, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, રાજ્ય સરકાર દ્વારા સંદર્ભ (૩)ના પત્રથી ઊ અને પેટ્રો. વિભાગના તા.૦૯.૦૨.૨૦૧૭ ના પત્ર ક્ર. જીયુવી/૨૦૧૬/૩૮૮૪/ક૧ ના મુદ્દા (બ) "ખેતી વિષયક વીજ જોડાણ અંગે ના શીર્ષક હેઠળ ચાર (4) નંબરની શરતમાં સુધારો તથા પાંચ (5) નંબરની શરતમાં ઉમેરવા માટેની મંજુરી આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

.......................

4". ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીક/ભાગીદારના નામ હોય તો જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝડ સેલ્ફ ડિક્લેરેશન (સ્વ-ઘોષણા) લેવાનું રહેશે અને સહમાલીક/ભાગીદારના સમંતિની જરૂર રહેશે નહીં. આ બાબતથી જમીનની માલિકી અંગે અન્ય ભાગીદારોના હક્ક બાબતે કોઈ રીતે અસરકારક રહેશે નહિ..

5. ૭ -૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીક/ભાગીદારના નામ હોય તો દરેક સહમાલીક/ભાગીદારને તે સર્વેનં/જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર નીચેના મુદ્દાઓ ધ્યાને રાખીને દરેક સહમાલીક/ભાગીદારને ખેતી વિષયક વીજ જોડાણ આપવું.

- અરજદારનું નામ ૭/૧૨ ઉતારામાં નોંધાયેલું હોવું જોઈએ.
- પાણીનો સ્ત્રોત/કુવો/બોર અલગ હોવો આવશ્યક છે.
- વીજ વપરાશની સીમા નક્કી કરવી પડશે. જો જરૂરી હોય તો વાસ્તવિક તારની વાડ (બાર્બડ વાયર ફેન્સીંગ) કરવી પડશે. અરજી સાથે અરજદાર દ્વારા સંપૂર્ણ જમીનનો સ્પષ્ટ નકશો હોવો જરૂરી છે, જેમાં તમામ સહ-માલિકોની હદબંધી (સબ-ટિકા નકશો) તથા સહ-ભાગીદારોની વિશિષ્ટ/અલગ સીમાઓ દર્શાવવામાં આવેલ હોવી જોઈએ.
- સહ-માલિકો પોતાના નામે એક સર્વે નંબરમાં માત્ર એક જ વીજ જોડાણ મેળવવા પાત્ર રહેશે.
- ઉપરની શરતો માત્ર સહ-ભાગીદારોના કીસ્સામાં જ લાગુ પડશે.

➢ વધુમાં, ઊર્જા અને પેટ્રો. વિભાગના તા. ૦૯/૦૨/૨૦૧૭ના પત્રમાં નિર્દિષ્ટ અન્ય જોગવાઈ યથાવત રહેશે."

ઉપરોક્ત કિસ્સા માટે જરૂરી સેલ્ફ ડિક્લેરેશન (સ્વ-ઘોષણા) બાહેંધરી પત્રકની નકલ આ સાથે સામેલ છે.

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, રાજ્ય સરકારનો તા.૧૯.૦૪.૨૦૨૫નો પત્ર આ સાથે જાણ અને ક્ષેત્રીય કચેરી સ્તરે અમલીકરણની જરૂરી સુચના અર્થે સામેલ છે.

આભાર સહ.

બિડાણ: ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,

(જી.એચ. એન્જીનીયર)
**મુખ્ય ઇજનેર (ટેક)**

<u>નકલ સાદર રવાના:</u>

- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, જીયુવીએનએલ, વડોદરા.
- ડાયરેક્ટરશ્રી (ટેક), જીયુવીએનએલ, વડોદરા.
- લાયઝન ઓફીસરશ્રી, માન.મંત્રીશ્રી (ઉર્જા) કાર્યાલય, ૧લો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (ક૧-ઉર્જા),ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, બ્લોક નં-૫, ૫મો માળ, સચિવાલય, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- મુખ્ય ઇજનેરશ્રી (ઓએમ/ટીઓ/પ્રોજેક્ટ/ટેક), દક્ષિણ/મધ્ય/પશ્ચિમ/ઉત્તર ગુજરાત વીજ કંપની લી. કોર્પોરેટ ઓફિસ-સુરત/વડોદરા/રાજકોટ/મહેસાણા.
- સરકારી સંદર્ભ વિભાગ, જીયુવીએનએલ, વડોદરા.

નોટરાઈઝડ રૂ.૩૦૦/- ના સ્ટેમ્પ પેપર

**નવીન ખેતીવાડી થ્રી ફેઝ વીજ જોડાણ માટેનું સેલ્ફ ડિક્લેરેશન (સ્વ-ઘોષણા) / બાહેંધરી પત્રક પત્રક:**

આથી હું શ્રી/શ્રીમતી.________________________________________, મોજે ગામ______________________________તા.__________, જી.____________ના __________ સર્વે નંબરમાં નવીન ખેતીવાડીથ્રી ફેઝ વીજ જોડાણ મેળવવા ________ ગુજરાત વીજ કંપની લિમિટેડની પેટા કચેરી _______ ખાતે અરજી કરેલ છે. ઉપરોક્ત સર્વે નંબર સંયુક્ત માલિકી / ભાગીદારીની હોવાથી હું નીચે સહી કરનાર લેખિત સંમતી/બાહેંધરી આપું છું કે :

(૧) સદર વીજ જોડાણનો ઉપયોગ માંગણી સિવાયના અન્ય હેતુ માટે અને અન્ય જગ્યા ઉપર કરીશ નહીં.

(૨) સદર વીજ જોડાણ અંગેના ____ ગુજરાત વીજ કંપની લીમીટેડના હાલના તેમજ ભવિષ્યના પ્રવર્તમાન નિયમો મુજબ વર્તવા બંધાવું છું. વીજ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ અંદાજપત્રના નાણાં ભરપાઈ કરવા સંમત છું.

(૩) માંગણીવાળા સર્વે નંબર / બ્લોક નંબર ______સંયુક્ત માલિકી / ભાગીદારીની છે અને સદર માંગણી મુજબના વીજ જોડાણના સ્થળે જમીનની માલિકી તથા કબજા અંગેની કોઈ તકરાર નથી. અમે અમારા સહ-ભાગીદારોને આ વીજ જોડાણ અંગે જાણ કરેલ છે અને તેઓની સંમતી લીધેલ છે.

(૪) જમીન બાબતે કે વીજ જોડાણ બાબતે સહ-ભાગીદારો સાથે કોઈ તકરાર/વિવાદ ઉપસ્થિત થશે તો વીજ વિતરણ કંપનીની કોઈ જવાબદારી રહેશે નહિ અને કાયદાકીય વિવાદમાં હું વીજ વિતરણ કંપનીને થતા આર્થિક નુક્શાન, દાવા, ખર્ચ વિગેરથી બચાવવાની જવાબદારી લઉં છું.

(૫) મારો જુદો/અલગ પાણીનો સ્ત્રોત / કુવો / બોર છે અને સંપૂર્ણ જમીનનો / સર્વે નંબર સ્પષ્ટ નકશો કે જેમાં તમામ સહ-માલિકોની હદબંધી (સબ-ટિકા નકશો) તથા દરેક ખેડૂતની વિશિષ્ટ/અલગ સીમાઓ દર્શાવવામાં આવેલ હોવી તે આ સાથે સામેલ છે.

(૬) રજુ કરાયેલ અરજી, ટેસ્ટ રીપોર્ટ, અને નકશા વિગેરેની વિગતો સંપૂર્ણ ખરી છે અને તેમાં વિસંગતતા જણાયે ____ ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા આપવામાં આવેલ ખેતી વિષયક વીજ જોડાણ રદ્દ કરી શકે છે. અને તેમાં મને કોઈ વાંધો હરકત રહેશે નહિ.

(૭) આવા ખેતી વિષયક  વીજ જોડાણમાં કોઇપણ પ્રકારના અકસ્માત માટે હું સંપૂર્ણપણે જવાબદાર છું અને તે માટે ____ ગુજરાત વીજ કંપની લીમીટેડ સામે કોઈ દાવો કે તકરાર કરીશ નહિ.

(૮) જો સદર વીજ જોડાણ મળ્યા બાદ ભવિષ્યમાં કોઈ તકરાર ઉપસ્થિત થશે તો મારું વીજ જોડાણ કોઇ પણ પૂર્વ સુચના સિવાય કાપી નાખવામાં આવશે તો તે બાબતે હું કોઈ પણ પ્રકારનો હકક, દાવો કરીશ. નહીં. આ સંજોગોમાં _______ ગુજરાત વીજ કંપનીના નિયમ મુજબ બે વર્ષનો સમયગાળો પૂર્ણ થયેલ ન હોય તો બાકીના સમય માટે કંપનીના નિયમ મુજબ મીનીમમ ચાર્જ ભરપાઈ કરવા બાહેંધરી આપું છું.

(૯) વીજ જોડાણ આપવાથી, જમીનની માલિકી અંગે અન્ય ભાગીદારોના હક્કો બાબતે કોઈ રીતે અસરકારક રહેશે નહિ

ઉપરોક્ત સંમતી મેં સમજી વિચારીને સુબુધ અવસ્થામાં આપેલ છે. આ બાબતે અમો તથા અમારા વંશ વાલી વારસોને હાલમાં કે ભવિષ્યમાં કોઈ પણ જાતનો વાંધો કે તકરાર રહેશે નહી તથા ભવિષ્યમાં કોઈ પણ જાતનો વિવાદ ઉભો કરશે નહીં.

નામ:

સહી:

સ્થળ :

તારીખ :

Letter No: EPCD/0254/04/2025 Approved Date: 19-04-2025

પંકજ પંચાલ
સંયુક્ત સચિવ

ક્રમાંક:ઈપીસીડી/જીયુવી/૨૦૨૫/૦૫૩૦/કે૧
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
બ્લોક નં. ૫. પાંચમો માળ,
સચિવાલય, ગાંધીનગર.
19 APR 2025

પ્રતિ,
મેનેજીંગ ડાયરેક્ટરશ્રી,
ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.,
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ,
વડોદરા-૩૯૦૦૦૭.

**વિષય : વીજ જોડાણના નામ ફેરના નિયમો બાબત.**
**સંદર્ભ:- જી.યુ.વી.એન.એલ/ટેક/૫૪૦ તા.૨૭/૦૩/૨૦૨૫**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે, સંદર્ભ હેઠળના પત્રથી મળેલ દરખાસ્ત અન્વયે વિભાગના તા.૦૯/૦૨/૨૦૧૭ ના પત્ર ક્રમાંક:જીયુવી/૨૦૧૬/૩૮૮૪/કે૧ ના મુદ્દા (બ)"ખેતીવિષયક વીજ જોડાણ અંગે-નવા જોડાણ માટે" ના શીર્ષક હેઠળ ચાર (4.) નંબરની શરતમાં સુધારો કરવા તથા પાંચ (5.) નંબરની શરત ઉમેરવા સરકારશ્રી દ્વારા મંજૂરી મળેલ છે, જે નીચે મુજબની રહેશે.

4. ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીક/ભાગીદારના નામ હોય તો જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝડ સેલ્ફ ડિક્લેરેશન (સ્વ-ઘોષણા) લેવાનું રહેશે અને સહમાલીક/ભાગીદારના સમંતિની જરૂર રહેશે નહીં. આ બાબતે જમીનની માલિકી અંગે અન્ય ભાગીદારોના હક્ક બાબતે કોઈ રીતે અસરકારક રહેશે નહિ.
5. ૭ -૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહમાલીક/ભાગીદારના નામ હોય તો દરેક સહમાલીક /ભાગીદારને તે સર્વે નંબર/જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર નીચેના મુદ્દા ધ્યાને રાખીને દરેક સહમાલીક/ભાગીદારને ખેતી વિષયક વીજ જોડાણ આપવું.
    - અરજદારનું નામ ૭/૧૨ ઉતારામાં નોંધાયેલું હોવું જોઈએ.
    - પાણીનો સ્ત્રોત/કુવો/બોર અલગ હોવો જોઈએ.
    - વીજ વપરાશની સીમા નક્કી કરવી પડશે. જો જરૂરી હોય તો વાસ્તવિક તારની વાડ (બાર્બડ વાયર ફેન્સીંગ) કરવી પડશે. અરજી સાથે અરજદાર દ્વારા સંપૂર્ણ જમીનનો સ્પષ્ટ નકશો હોવો જરૂરી છે, જેમાં તમામ સહ-માલિકોની હદબંધી (સબ-ટિકા નકશો) તથા સહ-ભાગીદારોની વિશિષ્ટ/અલગ સીમાઓ દર્શાવવામાં આવેલ હોવી જોઈએ.
    - સહ-માલિકો પોતાના નામે એક સર્વે નંબરમાં માત્ર એક જ વીજ જોડાણ મેળવવા પાત્ર રહેશે.
    - ઉપરની શરતો માત્ર સહ-ભાગીદારોના કીસ્સામાં જ લાગુ પડશે.

વધુમાં, વિભાગનાં તા:૦૯/૦૨/૨૦૧૭ નાં સમાનાંકી પત્રમાં નિર્દિષ્ટ અન્ય જોગવાઈ યથાવત રહેશે તદઅનુસાર, આપની કક્ષાએથી જરૂરી સુચનાઓ પરિપત્રિત કરી આ વિભાગને જાણ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
(પંકજ પંચાલ)
સંયુક્ત સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

**નકલ સવિનય રવાના:**
- માન.ઉર્જામંત્રીશ્રીનાં અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય, ગાંધીનગર. માન. ઉર્જામંત્રીશ્રીનાં માયાળુ ધ્યાનાર્થે રજૂ કરવાની વિનંતી સહ.

File No: EPCD/GUV/e-file/20/2025/0530/K1 (Energy)
Approved By: Joint Secretary,K1 (Energy),EPCD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Fax

એચ. સી. પટેલ
નાયબ સચિવ

ક્રમાંક: જીયુવી/૨૦૧૬/૩૮૮૪/ક૧,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 09 FEB 2017
FAX 286

પ્રતિ,
મેનેજીંગ ડાયરેક્ટરશ્રી,
ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ,
સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ,
વડોદરા

વિષય: વીજ જોડાણના નામ ફેરના નિયમો બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અંગેના ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડના તા. ૩૦/૧૨/૨૦૧૬ ના પત્ર ક્રમાંક: જીયુવીએનએલ-ટેક-૨-૨૫૨૧ થી રહેણાંક હેતુ, સીંગલ ફેઝ વાણિજ્યિક હેતુ અને કૃષિ હેતુ વીજ જોડાણોના નામ ફેર માટેના હયાત નિયમો/ધારાધોરણો હળવા કરવા અંગેની દરખાસ્ત રાજ્ય સરકારની વિચારણા/મંજૂરી અર્થે વિભાગને મળેલ હતી.

રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ નીચે મુજબના ધારાધોરણો/શરતોને અધિન નિગમની દરખાસ્તને મંજૂરી આપેલ છે.

(અ) <u>રહેણાંક અને વાણિજ્ય હેતુના સીંગલ ફેઇઝ વીજ જોડાણ અંગે</u>

<u>વારસાઈ હકકના કેસમાં નામ ફેરફાર કરવા માટેના દસ્તાવેજો</u>

1. છેલ્લા ભરેલા વીજ બીલની નકલ સાથે એ-૧ ફોર્મ.
2. માંગણી કરનારની ફોટો આઇડીની સ્વયં પ્રમાણિત કરેલ નકલ, જેમાં પાન કાર્ડ/ પાસપોર્ટ/ ડ્રાઇવીંગ લાઇસન્સ/ ચુંટણી કાર્ડ/ આધાર કાર્ડમાંથી કોઇ પણ એક.
3. ગ્રામ પંચાયત/ નગર પંચાયત/ નગરપાલિકાનો વીજ જોડાણવાળી જગ્યા અરજદારના નામે છે તે બાબતનો દાખલો

<u>અથવા</u>

ગ્રામ પંચાયત / નગર પંચાયત / નગરપાલિકા દ્વારા થયેલ આકારણી પત્રક અથવા વારસાઈ હકનો દાખલો અને જો એક કરતા વધુ વારસદાર હોય તો અન્ય વારસદારની સંમતિ

M.D.

<u>અથવા</u>

મરણના પ્રમાણપત્ર સાથે પેઢીનામું તથા વીજ જોડાણનું નામ ફેરફાર કરવા અંગે



Jrc. CB(T)
G.R. Cell

FROM :EPD/CR FAX NO. :07923252797 09 Feb. 2017 01:02 P 001

અન્ય હક્કદારોની પ્રવર્તમાન ડ્યુટીના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ (હાલ રૂ. ૧૦૦/- ના સ્ટેમ્પ પર)

અથવા

વીજ જોડાણ વાળી જગ્યાનો અરજદાર એકમાત્ર અધિકારી છે અથવા અન્ય કોઈ હક્કદારને અરજદારના નામે વીજ જોડાણોનું નામ ફેરફાર કરવા બાબતે કોઈ વાંધો કે વિવાદ નથી અને ભવિષ્યમાં વાંધો કે વિવાદ થશે તો તેનો નિકાલ કરવાની જવાબદારી અરજદારની રહેશે તે બાબતનું રૂ. ૧૦૦/- સ્ટેમ્પ પેપર ઉપર સાગંદનામું. જુના ગ્રાહકના મૃત્યુના કેસમાં મરણનું પ્રમાણપત્ર લેવાનું રહેશે.

4. જરૂરી સિક્યુરીટી ડીપોઝીટની રકમ વસુલ લેવાની રહેશે તેમજ હયાત સિક્યુરીટી ડીપોઝીટની રકમ ટ્રાન્સફર કરવા માટે ડીપોઝીટ ભરેલ અસલ પાવતી અને જો પાવતી ન હોય તો જરૂરી રકમનો ઈન્ડેમ્નીટી બોન્ડ(જરૂરી રકમનો એક જ સ્ટેમ્પ પેપર પર) સાથે હયાત ગ્રાહકની સંમતિ મેળવવાની રહેશે.

<u>સ્થળની માલિકી</u> કે કબજો બદલાવવાના <u>કારણે વીજ જોડાણનું નામ ફેર</u>ફાર કરવા માટે.

1. છેલ્લા ભરેલા વીજ બીલની નકલ સાથે એ-૧ ફોર્મ.
2. માંગણી કરનારની ફોટો આઇડીની સ્વયં પ્રમાણિત કરેલ નકલ, જેમાં પાન કાર્ડ/ પાસપોર્ટ/ ડ્રાઇવીંગ લાઇસન્સ/ ચુંટણી કાર્ડ/ આધાર કાર્ડમાંથી કોઇ પણ એક
3. રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અથવા ઇન્ડેક્ષની નકલ (જો રજીસ્ટર્ડ દસ્તાવેજ ના હોય અને તેના બદલે કાચો દસ્તાવેજ અથવા કબજા રસીદ હોય તેવા કેસમાં મૂળ માલીકની સંમતિ લેવી.)

<u>અથવા</u>

કો.ઓ.હા.સો.ના કેસમાં કો.ઓ.હા.સો.ના લેટર પેડ ઉપર ઠરાવની નકલ તથા મકાન ફાળવેલ પત્રનો દાખલો.

<u>અથવા</u>

ગ્રામ પંચાયત / નગર પંચાયત / નગરપાલિકાનું વીજ જોડાણવાળી જગ્યા માટેનું આકારણી પત્રક

4. વીજ જોડાણ વાળી જગ્યાની માલિકીમાં અન્ય હક્કદાર હોય તો અન્ય હક્કદારોનું પ્રવર્તમાન ડ્યુટીના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ પત્રક.
5. જરૂરી સિક્યુરીટી ડીપોઝીટની રકમ વસુલ લેવાની રહેશે તેમજ હયાત સિક્યુરીટી ડીપોઝીટની રકમ ટ્રાન્સફર કરવા માટે ડીપોઝીટ ભરેલ અસલ પાવતી અને જો પાવતી ન હોય તો જરૂરી રકમનો ઈન્ડેમ્નીટી બોન્ડ (જરૂરી રકમનો એક જ સ્ટેમ્પ પેપર પર) સાથે હયાત ગ્રાહકની સંમતિ મેળવવાની રહેશે.



286/1

૯. એન.આર.જી.પી. ૬ KW થી વધારે ક્ષમતાવાળા ગ્રાહકો પાસે જરૂરી કરાર (એગ્રીમેન્ટ) કરવાનો રહેશે.

નોંધ: ડેવલપર દ્વારા રહેણાંક ડેવલપ કરી આપવામાં આવે એવા કિસ્સાઓમાં રૂા. ૧૦૦/ ના સ્ટેમ્પ પેપર ઉપર સીકયુરીટી ડીપોઝીટ માંગણી કરનારના નામે તબદીલ કરવા બાબત ડેવલપરની નોટરાઇઝ સંમતિ રજૂ કરવાની રહેશે.

(બ) ખેતીવિષયક વિજજોડાણ અંગે

નામફેર માટે

1. છેલ્લા ભરેલા વીજ બીલની નકલ સાથે એ-૧ ફોર્મ
2. માંગણી કરનારની ફોટો આઇડીની સ્વયં પ્રમાણિત કરેલ નકલ, જેમાં પાન કાર્ડ/ પાસપોર્ટ/ ડ્રાઇવીંગ લાઇસન્સ/ ચુંટણી કાર્ડ/ આધાર કાર્ડમાંથી કોઇ પણ એક.
3. ૭/૧૨ નો ઉતારો અને વારસાઇ/ વેચાણની નોંધવાળુ નમુના નં.૬ –હક્ક પત્રક
4. ૭-૧૨/ હક્ક પત્રક મા દર્શાવેલ સહમાલિક/ભાગીદાર નુ નોટરાઇઝ્ડ જરુરી સ્ટેમ્પ પેપર પરનુ સંમતી પત્રક
5. જરૂરી સિક્યુરીટી ડીપોજીટની રકમ વસુલ લેવાની રહેશે તેમજ હયાત સિક્યુરીટી ડીપોજીટની રકમ ટ્રાન્સફર કરવા માટે ડીપોજીટ ભરેલ અસલ પાવતી અને જો પાવતી ન હોય તો જરૂરી રકમનો ઇન્ડેમ્નીટી બોન્ડ(જરૂરી રકમનો એક જ સ્ટેમ્પ પેપર પર) સાથે હયાત ગ્રાહકની સંમતી મેળવવાની રહેશે. જો મુળ ગ્રાહક મરણ પામેલ હોય તેવા કીસ્સામાં મરણનો દાખલો રજુ કરવાનો રહેશે.

નવા જોડાણ માટે

1. એ-૧ ફોર્મ
2. માંગણી કરનારની ફોટો આઇડીની સ્વજયં પ્રમાણિત કરેલ નકલ, જેમાં પાન કાર્ડ/ પાસપોર્ટ/ ડ્રાઇવીંગ લાઇસન્સ/ ચુંટણી કાર્ડ/ આધાર કાર્ડમાંથી કોઇ પણ એક.
3. ૭/૧૨ નો ઉતારો અને વારસાઇ/ વેચાણની નોંધવાળુ નમુના નં.૬ –હક્ક પત્રક
4. ૭-૧૨/ હક્ક પત્રકમા દર્શાવેલ સહમાલિક/ભાગીદારનુ નોટરાઇઝ્ડ જરૂરી સ્ટેમ્પ પેપર પરનુ સંમતી પત્રક.

સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ મંજૂરી અન્વયે તાત્કાલિક જરૂરી કાર્યવાહી હાથ ધરવા અને કરવામાં આવેલ કાર્યવાહીથી સરકારશ્રીને અવગત કરવા વિનંતિ છે.

આપનો વિશ્વાસુ

(એચ. સી. પટેલ)
નાયબ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ